# ધર્મ સ્થાનકોમા પરંપરાગત રીતે પ્રણાલી મુજબ દરેક તહેવારોની સમરસતા ઉજવણી કરાય છે



શ્રી ભવનાથ મહાદેવ મંદિર


શ્રી રામજી મંદિર

ભારેલ ગામે પાદરમાં જ શ્રી ભવનાથ મહાદેવ અને ભાથીજી મહારાજના વિશાળ મંદિર આવેલાં છે. ગામમાં વસવાટ કરતા તમામ શ્રધ્ધાળુઓ ઉપરાંત આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં ભાવિકો દર્શનાર્થે વાર તહેવાર દરમિયાન ભક્તિભાવ પૂર્વક આવે છે. શ્રી ખોડિયાર માતાના મંદિરનુ ભવ્ય નિર્માણ દાતાઓના સહયોગથી કરાયું છે. મંદિરમાં બિરાજમાન ખોડીયાર માંના દર્શન માટે સમગ્ર વર્ષ દરમિયાન નિયમિત રીતે દરેક રવિવારે ભક્તિ મેળા જેવો માહોલ બની જાય છે. મંદિર પરિસરમાં તમામ શ્રધ્ધાળુઓ પોતાની આસ્થા સાથે ઉપસ્થિત રહી દર્શન પ્રાર્થના કરી પોતાની મનોવાંછિત મનોકામના પૂર્ણ થતાં ધન્યતા અનુભવે છે.

ગામમા પશ્ચિમ દિશામાં આવેલુ અંદાજે પાંચસો વર્ષ પુરાણં ભવનાથ મહાદેવ મંદિર ખુબ જ પ્રસિદ્ધ દેવ સ્થાનક છે. શિવરાત્રી સહિત વિવિધ તહેવારોમાં મોટી સંખ્યામા લોકો ભવનાથ મહાદેવ મંદિરમા આવતા હોય છે. ગામમા આ ઉપરાંત દસ જેટલા નાના મોટા અન્ય દેવમંદિરો આવેલા છે. નિયમિત રીતે દરેક દેવ મંદિરોમાં આરતી પૂજા થાય છે. જેથી ગામમા ભક્તિમય વાતાવરણ રહે છે. ગામમા મોટા ભાગના યુવાનો સહીત તમામ ગ્રામજનો ધર્મ ભાવના ધરાવતા હોવાથી ખોટા વ્યસનોથી દુર રહ્યા છે.ગામની ભાગોળમાં મંદિર અને મસ્જિદનો ધાર્મિક માહોલ એખાલસ અને આત્મીયતાની સાક્ષી પૂરે છે


શ્રી મહાકાળી મંદિર

ગામમાં ભાગોળ વિસ્તારમાં મસ્જીદ છે . તો નજીકના અંતરે ભગવાન શ્રી રામનુ મંદિર છે. આ બે દેવસ્થાન સહિત ઘણા બધા ધર્મ સ્થળો ગામમાં આવેલા છે. આ દરેક સ્થળોએ પરંપરાગત રીતે ધર્મની પ્રણાલી મુજબ દરેક તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. મુસ્લિમ સમુદાય દ્વારા ઉર્સ, મહોરમ સહિતના તહેવારો ઉજવાય છે. તો હિન્દુ સમુદાય દ્વારા નવરાત્રી, હોળી, ધુળેટી, જન્માષ્ટમી, રામનવમી સહિતના તહેવારો પણ કોમી એખાલસ સાથે ઉજવવામાં આવે છે. ભારેલ ગામની આથમણી દિશાએ જ મસ્જિદ છે. ભાગોળમાં ઢળતી સંધ્યાનો સમય એટલે જાણે સૌ માટે આત્મીયતા ખીલી ઉઠે છે. એક તરફ મસ્જિદ છે તો બીજી તરફ નજીકમાં જ રામજી મંદિર અને માતાજીનુ સ્થાનક છે. સાંજના સમયે મંદિરમા થતી આરતીની ઝાલરોના રણકાર અને બીજી તરફ અજાનનો અવાજ અહીંના વાતાવરણને ખુબ જ આધ્યાત્મિક બનાવી દે છે. ગામની વિશેષતા છે કે સમગ્ર ગામમાં એકતા અને સમરસતાનો ભાવ છે. ગામના દેવસ્થાનોમાં શ્રી મહાદેવજી, શ્રી રામજી મંદિર, નેજાધારી રામદેવપીર મંદિર, શ્રી મેલડી માતાનુ મંદિર, , શ્રી વેરાઇ માતા, શ્રી જોગણી માતા, શ્રી ખોડીયાર માતા અને શ્રી કાળકા માતા મંદિર છે.


શ્રી ભાથીજી મહારાજ મંદિર


શ્રી જોગણી માતા મંદિર

# પ્રાથમિક શિક્ષણ માટે વર્ષ ૧૮૯૨માં ૭મી ડીસેમ્બરે શાળાની શરૂઆત કરાઈ હતી





આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના ભારેલ ગામ ભારેલ તાબાની સરકારી ગુજરાતી પ્રાથમિક શાળા છે. પ્રાથમિક શાળાની શિક્ષણ પધ્ધતિ, બાળકો પ્રત્યેનો અભિગમ, વિવિધ સુવિધાઓ અને સ્વચ્છતા સહિતના અનેકવિધ મુદ્દાઓ ખુબ જ અનુકરણીય ઉદાહરણ રૂપ બનેલ છે. સરકારી પ્રાથમિક શાળા ગામના પાદરમાં પ્રવેશતાં જ આવેલ છે. આ શાળામાં આશરે ૩૫૦થી પણ વધારે બાળકો અભ્યાસ કરે છે. આ શાળામાં પ્રવેશતાં જ મન પ્રસન્ન થઈ જાય છે.

પ્રાથમિક શાળામાં બપોરના સમયે જમવા માટે પ્રાકૃતિક રીતે ઉગાડેલા શાકભાજી , ફળ ફળાદી બાળકોના સાત્વિક ભોજન માટે વાપરવામાં આવે છે. વિદ્યાર્થીઓ ટુકડીઓ બનાવીને નીચે બેસીને જમે છે. જેનાથી તેમનામાં સમુહ ભાવનાના જેવા ગુણોનું સિંચન થાય છે, શાળાનુ શિક્ષણકાર્ય પણ ખૂબ જ સુંદર છે. બાળકોને અભ્યાસક્રમ સરળતાથી સમજાવી શકે તેવા વિષય નિષ્ણાત શિક્ષકો છે. શાળામાં બાળકો સ્વૈચ્છિક રીતે આ નિયમોનું ચુસ્ત પાલન કરે છે. કોઈપણ પ્રકારના પ્લાસ્ટિકમાં પેક કરેલ ખોરાક શાળા સંકુલની અંદર લાવતા નથી. જેથી શાળા પરીસરમાં ક્યાંય પણ પ્લાસ્ટિક જોવા મળતું નથી. સ્વચ્છતા બાબતે પણ આ શાળા અવ્વલ નંબરે છે. આટલી મોટી સંખ્યામાં બાળકો હોવા છતાં બાળકો પોતે સ્વયં સ્વચ્છતા જાળવે છે. શાળાના સમગ્ર પરિસરમાં વિવિધ પ્રકારના આયુર્વેદિક ફુલ છોડ, વનસ્પતિનો પણ ઉછેર કરાયો છે. આ બધું ત્યારે શક્ય બને જ્યારે તેનુ સંચાલન યોગ્ય વ્યક્તિના હાથમાં હોય છે. જેનો શ્રેય જાય છે સફળ માર્ગદર્શન અને સંચાલન કરનાર, શાળાના ઉત્સાહી, પ્રેમાળ અને લોકચાહના મેળવનાર આચાર્ય અને શિક્ષકગણને. શાળાના તમામ શિક્ષકોની ફરજ નિષ્ઠા , સમય સુચકતા, અને અથાક મહેનતના ફળ સ્વરૂપે આ શાળા સમગ્ર જીલ્લામાં આદર્શ શાળા અને ઉદાહરણરૂપ બની રહી છે.

## પરંપરાગત ભજનો , લોકગીતો અને ગરબાની રમઝટ સાથે ભારેલનું સખી ભજન મંડળ શક્તિ ઉપાસનાની પરંપરા જાળવી રહ્યું છે

પરંપરાગત ભજનો, લોકગીતો અને ગરબા જેવી લોકકલાઓ આધુનિક મનોરંજનના માધ્યમોના વધતા પ્રભાવ વચ્ચે વિસરાતી જાય છે. ત્યારે પેટલાદ તાલુકાના ભારેલ ગામનું સખી ભજન મંડળ વર્ષોથી પરંપરાગત લોકકલા અને ભક્તિની આ વિરાસતને જીવંત રાખવાનું ઉમદા કાર્ય કરી રહ્યું છે. મંડળની મહિલા ભજનિક કાર્યકરો દ્વારા શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં ભજન, લોકગીત અને ગરબાની રજૂઆત સાથે સાંસ્કૃતિક મનોરંજનની પરંપરાને જાળવવામાં આવી રહી છે. એક સમયે ગામડાંઓમાં આખ્યાન, ભવાઈ, નટ-બજાણિયાના ખેલ, કઠપૂતળીના ખેલ અને મદારીના કાર્યક્રમો લોકમનોરંજનનું મુખ્ય માધ્યમ હતા. મનોરંજન સાથે ધાર્મિક અને ઐતિહાસિક જ્ઞાન પીરસતી આ કલાઓ હવે ધીમે ધીમે લુપ્ત થઈ રહી છે. આવા સમયમાં ભારેલનું સખી ભજન મંડળ તેના હાઉસફૂલ ભજન કાર્યક્રમો માટે આગવી ઓળખ ઊભી કરી રહ્યું છે. કાર્યક્રમોમાં મહિલાઓ પૌરાણિક અને ધાર્મિક ગાથાઓ સાથે સંકળાયેલા વિવિધ પાત્રોનો અભિનય કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરે છે. સખી ભજન મંડળ દ્વારા આણંદ-ખેડા જિલ્લાના અનેક ગામો ઉપરાંત વડોદરા, અમદાવાદ અને સુરત જેવા શહેરોમાં પણ ભજન, લોકગીત અને શક્તિ ઉપાસનાના કાર્યક્રમો યોજવામાં આવે છે. લોકકલાઓમાં રહેલા હાસ્ય, ભય, શૃંગાર, વીર અને કરુણ જેવા વિવિધ રસનો પરિચય નવી પેઢીને કરાવવાનો પ્રયાસ પણ મંડળ દ્વારા કરવામાં આવી રહ્યો છે. મંડળના સંચાલકના જણાવ્યા મુજબ, લુપ્ત થતી લોકકલાઓને પુનર્જીવિત કરવા સરકારના મનોરંજન વિભાગ દ્વારા વધુ પ્રોત્સાહન અને વિશેષ આયોજનની જરૂર છે. આવી કલાઓને જીવંત રાખવામાં આવે તો આવનારી પેઢી સુધી ગુજરાતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત પહોંચાડી શકાય.

## ગામના આર્થિક વિકાસને લક્ષ્યમાં રાખી, હકારાત્મક દ્રષ્ટિકોણથી દૂધ મંડળીની શરૂઆત કરાઈ હતી



ગામના જાગૃત દીર્ઘદ્રષ્ટિવાળા સ્વપ્નદૃષ્ટાઓએ ગામના આર્થિક વિકાસને લક્ષ્યમાં રાખી, હકારાત્મક દૃષ્ટિકોણથી વિચારી ભારેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીની સ્થાપના કરવામાં આવી હતી. ગામના આગેવાનોએ સંસ્થા શરૂ કરવા માટે ખૂબ જ જહેમત ઉઠાવી હતી. ગામના સંનિષ્ઠ નાગરિકોના સહભાગીપણા અને કુશળ વહીવટને કારણે સમયકાળના પ્રવાહ સાથે આ સંસ્થા ગામમાં મુખ્ય બજારમાં તેના વિરાટ સ્વરૂપમાં વટવૃક્ષ સમાન અડીખમ ઊભી છે. શરૂઆતના સમયમાં ખુબ ઓછી સભાસદ સંખ્યાથી શરૂ થયેલી આ સંસ્થા સભાસદની મોટી સંખ્યાને સ્પર્શી ગઈ છે. જેમ જેમ સંસ્થા વિકાસની કેડીને કંડારતી ગઈ તેમ તેમ તેની ભૌતિક સુવિધામાં ફેરફાર કરવાની અનિવાર્યતા વધતી જણાઈ તેમ આ સંસ્થાનું નૂતન અદ્યતન ભૌતિક સુવિધા સંપન્ન મકાન નિર્માણ માટે આગામી સમયમાં આયોજન કરવામાં આવનાર છે. સદર સંસ્થા દર વર્ષે લોકજન હિતાર્થે ગામની નાની મોટી શૈક્ષણિક સંસ્થાઓને આર્થિક સહાય આપી શિક્ષણને ઉત્તેજના આપતી રહી છે. સાથો સાથ જાહેર આરોગ્ય જાળવણી અંતર્ગત રાહત દરે દવાનું વિતરણ , શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહન વગેરે ઉમદા કાર્યો કરી, ગામની અવિરત સેવાના કાર્યો પણ કરી રહી છે. સદર સંસ્થા સાચા અર્થમાં નક્કી કરેલા હેતુઓના લક્ષ્યને સર કરી ગામનું આભૂષણ બની રહી છે.

# ગ્રામજનોની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે સરકારી યોજનાઓનું અસરકારક અમલીકરણ







ભારેલ ગ્રામ પંચાયતના શાસન હેઠળ ગામમાં સમયાંતરે પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે સરકારી યોજનાઓનો લાભ મેળવવામાં આવે છે. ગામમાં જરૂરી વિકાસ કામોના લાભ માટે સરકાર પર નિર્ભર રહેવું પડે છે. જોકે ગામમાં ચુંટાયેલા લોકપ્રતિનિધિઓની જાગૃતતાને પગલે ગામમાં આરસીસી રોડ, પગદંડી રસ્તાઓ અને ખુલ્લા ચોગાનમાં બ્લોક વગેરે સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે યોગ્ય આયોજન કરવામાં આવે છે. . ગામમાં પાણીની સુવિધા માટે વોટર વર્કસ કાર્યરત છે. ગામના લોકો સ્વચ્છતા જાળવવા માટે ખૂબ ધ્યાન આપે છે. ગામની ભાગોળ પાસે વિશાળ ઝાડની છાયામાં ગ્રામજનો હળવાશની પળો માણવા માટે અચુકપણે આવે છે. ગામમાં લગભગ ત્રણસોથી વધુ ઘર છે. ગામમાં એક નાનું બજાર છે. તેમાં જીવનજરૂરિયાતની બધી વસ્તુઓ મળે છે. ગામમાં વીજળીની અને વૉટરવર્કસની સગવડ છે. ગામને સિંચાઈનો લાભ મળ્યો છે; એટલે ગામના ખેડૂતો વર્ષમાં ત્રણ વખત પાક ઉપજ મેળવી શકે છે. ગામના અગ્રણીઓના જણાવ્યા મુજબ ભારેલ ગામ વસ્તીની દ્રષ્ટીએ સામાન્ય ગામ છે . પરંતુ ગામના મોટાભાગના લોકોની દિર્ઘદ્રષ્ટીના કારણે ગામમાં આર્થિક સમૃદ્ધિ ક્રમશ વધતી રહે તે માટે સારા પ્રયત્નો કરવામાં આવે છે. ગામની મહિલાઓ પોતાના શ્રમ દ્વારા દૈનિક આવકમાંથી બચત એકત્ર કરી શકે તે માટે સખી મંડળો અને સ્વ સહાય જુથો બનાવવામાં આવેલ છે. આ મંડળ અને જુથો દ્વારા દરેક મહિલા સભ્યના નાના-મોટા કામ ખુબ જ સરળતાથી પરિપૂર્ણ થાય છે. જુથોના સારા ઉદ્દેશ્યને કારણે ગામની મોટાભાગની મહિલાઓ પોતપોતાના વિસ્તારના સ્વ સહાય જુથો અને સખી મંડળો દ્વારા સંલગ્ન રહીને આર્થિક ઉત્કર્ષ કરી રહેલ છે.

### ગ્રામ પંચાયત ટીમ

**સરપંચ** રૂપલબેન જયેશભાઈ ઠાકોર, **ડે.સરપંચ** દિપસીંગ રામસીંગ ચૌહાણ **સભ્યો** - મગનભાઈ પુંજાભાઈ ઠાકોર, સુમિત્રાબેન નવીનભાઈ ઠાકોર, કોકીલાબેન ભાઈલાલ ઠાકોર, મનિષાબેન રાજેશભાઈ પરમાર, સીતાબેન કલ્પેશભાઈ ઠાકોર, દિપ્તીબેન જતીનકુમાર પટેલ, પ્રદિપભાઈ ખાનાભાઈ પરમાર



(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી )